સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિઓ માટેની વ્યકિતગત મકાન સહાયની પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની આવક મર્યાદામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૨૦૧૨/૫૦૯૬૬૪/અ
સચિવાલય ગાંધીનગર.
તારીખઃ- ૨૪/૮/૨૦૧૨

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮/૧/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૪૯૭/ ન.બા.૧/ અ.

(૨) સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨/૩/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક :પરચ/ ૧૦૨૦૦૮/ ૮૧૯/ લ

(૩) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગરના તા.૨૧/૫/૨૦૧૨નાં પત્રનં. વિજાક/ જન/૨૦૧૨-૧૩/ ૭/ ૧૦૬૧ થી મળેલ દરખાસ્ત

પ્રસ્તાવનાઃ

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિઓ માટેની વ્યકિતગત ધોરણે આવાસ યોજના હેઠળ સહાય આપવા માટે આમુખ ક્રમાંક-૧ પરના ઠરાવથી પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અમલમાં છે. સદરહુ ઠરાવની જોગવાઇ મુજબ લાભાર્થીમાટેની પાત્રતા માટે વાર્ષિક આવક રૂ.૨૪,૦૦૦/- ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે નક્કી કરવામાં આવેલ છે. આમુખ ક્રમાંક (૨) પરના ઠરાવથી રાજયની તમામ આવાસ યોજનાનું એકત્રિકરણ કરી નવી આવાસ યોજના અમલમાં મુકેલ છે. જે મુજબ બી.પી.એલ. લાભાર્થીઓને જ આવાસ યોજનાનો લાભ આપવાનું નિયત થયેલ છે. આ ખાતાની અન્ય વ્યકિત લક્ષી યોજનાઓમાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૭૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂ.૩૬૦૦૦/- ની નિયત થયેલ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના પણ ગ્રામ્ય તથા શહેરી બંને વિસ્તારમાં અમલીત હોઇ. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં પણ વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૭૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂ.૩૬૦૦૦/- રાખવા આથી ઠરાવવામાં આવે છે.

નોંધાયેલ બી.પી.એલ. લાભાર્થીઓને આ યોજના હેઠળ પસંદગીમાં અગ્રિમતા આપવાની રહેશે. ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.વી.દેસાઇ

ઉપસચિવ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

માન.વિરોધપક્ષના નેતાના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો

સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર

ગ્રામવિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ગાંધીનગર

નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર

કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,ગાંધીનગર

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતી જાતિ)

સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિકસતી જાતિ)

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

વિભાગની અ-૧,જ,ગ,બજેટ,સંકલન તથા ફ-શાખા

સિલેક્ટ ફાઇલ.